NHS England

Leicestershire Partnership NHS Trust

A university teaching and research-active Trust
Bridge Park Plaza
Bridge Park Road
Thurmaston
Leicester
LE4 8PQ
www.leicspart.nhs.uk

સપ્ટેમ્બર 2021

પ્રિય માતા-પિતા/ કાળજી રાખનારા,

**ઋતુગત ફ્લુ રસીકરણ કાર્યક્રમ**

રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમના ભાગરૂપે લેસ્ટરશાયર પાર્ટનરશીપ NHS ટ્રસ્ટની કમ્યુનિટી ઇમ્યુનાઇઝેશન સર્વિસ આ શિયાળામાં ઋતુગત ફ્લુ (ઈન્ફ્લુએન્ઝા) સામે બાળકો અને યુવા લોકોને સુરક્ષિત કરવા માટેની તક ઉપલબ્ધ કરાવવા માંગે છે.

દર વર્ષે ફ્લુ રસીકરણ કાર્યક્રમ એ જાહેર સ્વાસ્થ્ય નીતિમાં ઊચ્ચ પ્રાથમિકતા ધરાવતો હોય છે. જોકે, આ શિયાળામાં ફ્લુ અને કોવિડ-19 સાથે ફેલાવાના જોખમને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય ફ્લુ રસીકરણ કાર્યક્રમ બાળકો તથા શિશુઓ અને ઉંમરલાયક સહિતના જોખમનો ભોગ બની શકે તેવા લોકો માટે તેમજ સ્વાસ્થ્ય અને કાળજી પ્રણાલીની સ્થિતિસ્થાપકતાને ટેકા માટે બિલકુલ અનિવાર્ય હશે. ફ્લુ રસીકરણ માટેની આ રજૂઆત માધ્યમિક શાળાના વધુ યુવા લોકોને સમાવવા માટે વિસ્તારવામાં પણ આવી છે.

રિસેપ્શન વર્ષ (શાળામાં દાખલ થવાના વર્ષ)થી 11 વર્ષના (1લી સપ્ટેમ્બર 2005 અને 31મી ઑગસ્ટ 2017 વચ્ચે જન્મેલા) બાળકોને શાળામાં નેઝલ (નાક વાટે) આપવાનું ફ્લુ રસીકરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. 2 અને 3 વર્ષની ઉંમરના નાનાં બાળકોને તેમની GP (જીપી) સર્જરિ ખાતે ફ્લુ સામે રસીકરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પ્રાથમિક શાળા માટેની ઉંમરના બાળકો માટે માહિતી વાંચવા માટે, મુલાકાત લો: https://tinyurl.com/fluprimary

માધ્યમિક શાળા માટેની ઉંમરના બાળકો માટે માહિતી વાંચવા માટે, મુલાકાત લો: https://tinyurl.com/flusecondary

રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ વિશે માહિતી માટે, મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations

સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા બાળકો કે જે સામાન્યપણે તેમની GP (જીપી) સર્જરિ ખાતે ફ્લુની રસી મેળવતા હોય છે તેઓ તેમની રસી શાળા ખાતે લઈ શકે છે. લગભગ બધા જ બાળકો રસીને નેઝલ સ્પ્રે તરીકે મેળવવા માટે પાત્ર હશે. એક ખૂબ જ નાની સંખ્યાના બાળકો તબીબી કારણોસર નેઝલ સ્પ્રે મેળવવામાં અસમર્થ હોઈ શકે. જો આવું હશે, તો અમે તમને કારણ સમજાવવા માટે કૉલ કરીશું અને ચર્ચા કરીશું કે શું તમારું બાળક ઈન્જેક્શન થકી આપવાની રસી માટે પાત્ર છે કે કેમ.

**વૈકલ્પિક જિલેટિન વિનાનું ફ્લુ ઈન્જેક્શન**

અમે એ વાત સમજીએ છીએ કે ફ્લુની નેઝલ રસીનું ઉત્પાદન કરતી વખતે વપરાતું જિલેટિન અમુક દર્દીઓ દ્વારા પસંદ નથી કરાતું; આથી, અમે તેને બદલે જિલેટિન વિનાનું ઈન્જેક્શન પણ ઉપલબ્ધ કરાવીએ છીએ. આની પસંદગી માટેનો નિર્ણય લેતી વખતે, કૃપા કરીને એ ધ્યાન રાખશો કે જિલેટિન વિનાનું ઈન્જેક્શન:

- નાક વાટે આપવાની ફ્લુની રસી કરતાં ઓછું અસરકારક છે;
- સ્નાયુમાં અપાતું ઈન્જેક્શન અસ્વસ્થતા આપનારું અને નાહિંમત કરનારું હોઈ શકે. કૃપા કરીને એ બાબતે વિચાર કરશો કે તમારું બાળક અથવા યુવા વ્યક્તિ શાળામાં માતા કે પિતાની હાજરી વિના ઈન્જેક્શન લેવાની જરૂરિયાતો પૂરી કરી શકશે કે કેમ. તમે તેમને તૈયાર કરી શકો તો તે મદદરૂપ બનશે.

નીચે આપેલા ખાનામાં સંમતિ પત્રક કેવી રીતે ભરવું તે વિશેની, જિલેટિન વિનાના ફ્લુ ઇન્જેક્શનને કેવી રીતે પસંદ કરવું તે સહિતની સૂચનાઓ છે.

*તમે આ QR કોડને તમારા સ્માર્ટફોનના કેમરાનો ઉપયોગ કરી સ્કેન કરી શકો છો અને સીધા અમારી વેબસાઇટ પર જઈ શકો છો*

**શાળામાં રસીકરણ કરવું**

- અહીં મુલાકાત લઈને એક સંમતિ પત્રક ઓનલાઇન પૂર્ણ કરશો: www.leicsandrutlandimms.co.uk
- ઋતુગત ફ્લુ પસંદ કરો
- તમને તમારી શાળાના કોડની જરૂર પડશે. આ Herrick Primary School માટે શાળા કોડ LE120100 છે
- પત્રક જમા થઈ જાય ત્યારે તમને ઈ-મેલ થકી એક પુષ્ટિ મળશે.

***ખાસ સૂચન:*** ઈ-મેલ અડ્રેસ મેળ ખાતા હોય તથા ઈ-મેલ અડ્રેસ અને શાળા કોડ પહેલાં અથવા પછી કોઈ સ્પેસ (ખાલી જગ્યા) અથવા વિરામચિહ્ન નથી તે સુનિશ્ચિત કરશો.

તમારે રસીકરણ સત્ર પહેલાં સંમતિ પત્રક પૂરું ભરવું જરૂરી છે.

તમને તમારી શાળા દ્વારા રસીકરણની તારીખની જાણ કરવામાં આવશે. આ તારીખો અમારી વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે, અહીં મુલાકાત લો: www.leicspart.nhs.uk/communityimms

અમને તૈયારી કરવા મળે તે માટે સત્રના 1 કામકાજી દિવસ પહેલાં અમે સિસ્ટમ (પ્રણાલી)ને કામચલાઉ ધોરણે બંધ કરીશું. સત્ર પછી જલ્દી જ સિસ્ટમ પાછી શરુ કરવામાં આવશે જેથી કરીને તમે સંમતિ પત્રક ભરી શકો, તેમજ રસીકરણ માટે એક વૈકલ્પિક તકની આગળની વિગતો તમારી સાથે વહેંચવામાં આવશે.

જો તમે જિલેટિન વિનાના ફ્લુ ઇન્જેક્શનની પસંદગી કરવા માંગતા હોવ, તો સંમતિ પત્રકને સામાન્ય રીતે ભરો. સંમતિ અંગેની જાહેરાત માટેના પાનાં ઉપર કૃપા કરીને "ના" પસંદ કરો, અને તેમ કરો ત્યારે વિકલ્પ આપવામાં આવશે.

અમને કોઈ તબીબી ફેરફારોની જાણ કરવા અથવા રસીકરણ અંગે તમારો વિચાર બદલાયા હોવા અંગે, કૃપા કરીને ટીમનો સંપર્ક કરો.

જો તમે આને ઓનલાઇન ભરવામાં અસમર્થ હોવ, તો કૃપા કરીને સહાય માટે વિનંતી કરવા માટે અમને 0300 300 0007 પર કૉલ કરો. અમારી ટીમમાંથી એકને પત્રક ભરવા માટે થઈને તમને પરત કૉલ કરવાની જરૂર પડી શકે.

રસીકરણ બાદ, સલાહ અને માહિતી તમને ઈ-મેલ કરવામાં આવશે અને યુવા વ્યક્તિના NHS સ્વાસ્થ્ય અહેવાલને અદ્યતન કરવામાં આવશે.

જો બાળક અથવા યુવા વ્યક્તિ તે દિવસે ગેરહાજર હશે, તો રસીકરણ માટે એક વધારાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. કૃપા કરીને નોંધશો કે **આ રસી તમારા GP (જીપી) દ્વારા સામાન્યપણે ઉપલબ્ધ કરાવવામાં નહિ આવે, સિવાય કે તમારું બાળક એક જોખમ હેઠળના જૂથમાં હોય.**

## કોવિડ-19

જો સત્રના દિવસે તમારું બાળક અથવા તે જેમની સાથે રહેતું હોય તેવા પરિવારના સભ્ય સેલ્ફ-આઇસોલેટ થઈ રહ્યાં હોય અથવા નીચે સૂચિમાં જણાવેલા કોઈ લક્ષણો અનુભવી રહ્યાં હોય, **તો કૃપા કરીને રસીકરણની મુલાકાત માટે હાજર રહેશો નહિ.**

- **ભારે તાવ - તમારી છાતી અથવા વાંસાને અડ્યે તમને ગરમ લાગે**
- **એક નવી સતત ચાલતી ઉધરસ - આનો અર્થ છે કે તમે સતતપણે ઉધરસ ખાઈ રહ્યાં છો.**
- **ગંધ અથવા સ્વાદ ઓળખવાની તમારી ક્ષમતા ન હોવી અથવા બદલાવ થવો - આનો અર્થ છે કે તમારા ધ્યાન પર આવ્યું છે કે તમને કોઈ ગંધ અથવા સ્વાદ નથી આવતો અથવા વસ્તુઓની ગંધ અથવા સ્વાદ સામાન્ય કરતા અલગ રીતે આવે છે.**

અમે તમારા બાળકની શાળા સાથે ઝીણવટથી કામ કરી રહ્યાં છીએ જેથી એ ખાતરી થઈ શકે કે રસી સલામત રીતે અપાય તે સુનિશ્ચિત કરવા માટે તમામ યોગ્ય કોવિડ સલામતી ઉપાયો અમલમાં હોય.

અમે વિનંતી કરીએ છીએ કે 12 અને તેનાથી વધુ ઉંમરના યુવા લોકો ફેસ કવરિંગ્સના ઉપયોગ અંગેની શાળાની નીતિનું પાલન કરે. અમારા કર્મચારીઓ વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE)નો ઉપયોગ, સામાજિક અંતર જાળવવું અને હાથની સ્વચ્છતાની સારી રીતોનું પાલન ચાલુ રાખશે જેથી ચેપ ફેલાવાનું જોખમ ઘટે.

વધુ માહિતી

**તમે તમારા બાળકને તૈયાર કરવા માટે તેની સાથે આ રસીકરણ વિશે વાત કરો તે મદદરૂપ બનશે.** અમે ફ્લુ શું છે અને નેઝલ ફ્લુ રસી શું છે તે સમજાવતી નાની એનિમેટેડ ફિલ્મો તૈયાર કરી છે. **વેબસાઈટ્સ પર સ્વાસ્થ્ય-સંબંધિત વિષયો પર અદ્ભુત સંસાધનો પણ છે અને તેમાં રોમાંચક પ્રવૃત્તિઓ અને વાતચીત કરી શકાય તેવી સામગ્રીનો સમાવેશ થાય છે.**

પ્રાથમિક શાળા માટેની ઉંમરના બાળકો માટે, મુલાકાત લો: www.healthforkids.co.uk/staying-healthy/stopping-flu

માધ્યમિક શાળા માટેની ઉંમરના બાળકો માટે, મુલાકાત લો: https://www.healthforteens.co.uk/health/flu/

**અમે સમજીએ છીએ કે તમારા બાળકો માટે ઉપલબ્ધ છે તેવા રસીકરણ વિશે તમારામાંનાં થોડા લોકોને પ્રશ્નો હોઈ શકે છે. આવનારા અઠવાડિયાઓમાં અમે માતા-પિતા માટે સ્વાસ્થ્ય વ્યાવસાયિકોની એક પેનલ સાથે થોડા પ્રશ્નોત્તરિ સત્રો યોજીશું. તારીખો અને જોડાવા અંગેની સૂચનાઓ માટે કૃપા કરી લેસ્ટરશાયર પાર્ટનરશીપ NHS ટ્રસ્ટને ફેસબુક, ટ્વિટર (@LPTnhs) અને ઈન્સ્ટાગ્રામ (@lptnhs) પર ફૉલો કરશો.**

જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમે ટેલિફોન: 0300 300 0007, અથવા ઈ-મેલ: communityimmunisations.service@nhs.net દ્વારા ટીમનો સંપર્ક કરી શકો છો. અમે ફ્લુ સામે રસીકરણ ઉપલબ્ધ કરાવીએ તે સમયગાળા દરમ્યાન કૉલની સંખ્યા વધુ હોય છે અને પીક (ધસારાના) સમયે તમારા કૉલનો જવાબ અપાય તે માટે તમારે રાહ જોવી પડી શકે.

આપના વિશ્વાસુ,

Dr Tim Davies (ડૉ. ટિમ ડેવિસ)
કન્સલ્ટન્ટ લીડ
સ્ક્રીનિંગ ઍન્ડ ઈમ્યુનાઈઝેશન
*NHS ઈંગ્લૅન્ડ અને NHS ઈમ્પ્રુવમેન્ટ - મિડલૅન્ડ્સ*

Marie Butterworth (મેરી બટરવર્થ)
ક્લિનિકલ લીડ
શાળા માટેની ઉંમર માટે રસીકરણ સેવા
*લેસ્ટરશાયર પાર્ટનરશીપ NHS ટ્રસ્ટ*

**જો તમે આ પત્રને અન્ય કોઈ ભાષામાં વાંચવા માંગતા હોવ તો અમારી વેબસાઈટ પર જાઓ**
www.leicspart.nhs.uk/communityimms

| | |
|---|---|
| અરબી | إذا كنت ترغب في قراءة هذه الرسالة بلغة أخرى، قم بزيارة موقعنا على الإنترنت |
| ગુજરાતી | જો તમે આ પત્ર ગુજરાતીમાં વાંચવા માંગતા હો તો અમારી વેબસાઈટ પર જાઓ |
| પોલિશ | Jeśli chcesz przeczytać ten list w innym języku, przejdź na naszą stronę. |
| પંજાબી | ਜੇ ਤੁਸੀਂ ਇਸ ਪੱਤਰ ਨੂੰ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਪੜ੍ਹਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਤਾਂ ਸਾਡੀ ਵੈੱਬਸਾਈਟ 'ਤੇ ਜਾਓ |
| સોમાલિ | Haddii aad jeclaan lahayd inaad ku akhrido warqadan luuqad kale, booqo boggayaga internetka |
| ઉર્દૂ | اگر آپ اردو میں یہ خط پڑھنا چاہتے ہیں تو ہماری ویب سائٹ پر جائیں۔ |

| ઓનલાઈન સંમતિ પત્રક ભરવા માટેની નોંધ |
| --- |
| અહીં મુલાકાત લો: www.leicsandrutlandimms.co.uk |
| તેની બાજુમાં "અહીં ક્લિક કરો" પર ક્લિક કરીને ઋતુગત ફ્લુ પસંદ કરો. |
| તે પછી આવતી સ્ક્રીન પર, તમારું ઈ-મેલ એડ્રેસ દાખલ કરી પુષ્ટિ કરો |
| તમારો શાળા કોડ: LE120100 દાખલ કરો અને શાળા શોધો પર ક્લિક કરો. તમારી શાળાનું નામ દેખાવું જોઈએ. |
| અમને તૈયારી કરવા મળે તે માટે સત્રના 1 કામકાજી દિવસ પહેલાં અમે સિસ્ટમ (પ્રણાલી)ને કામચલાઉ ધોરણે બંધ કરીશું. તમને સત્ર બાદ ફરી પ્રયાસ કરવા જણાવતો અને રસીકરણ માટે એક વૈકલ્પિક તક ઉપલબ્ધ કરાવતો એક સંદેશ દેખાશે.<br>***ખાસ સૂચન:***<br>• તમારું હોમપેજ શોધવા માટે તમે "Leicester imms" માટે ઓનલાઈન સર્ચ પણ કરી શકો છો<br>• એ સુનિશ્ચિત કરો કે ઈ-મેલ એડ્રેસ મેળ ખાતા હોય તથા ઈ-મેલ એડ્રેસ અને શાળા કોડ પહેલાં કે પછી કોઈ સ્પેસ (ખાલી સ્થાન) અથવા વિરામ ચિહ્નો ન હોય.<br>**ભાગ 2: સંમતિ અંગેની જાહેરાત**<br>ફ્લુ સામે રસીકરણની સંમતિ આપવા આને પૂર્ણ કરો.<br>એક ઈન્જેક્શન થકી અપી શકાય તેવી રસીની પસંદગી કરવાનો વિકલ્પ માત્ર અહીં જ અપાશે.<br>**ભાગ 3: તબીબી ઈતિહાસ**<br>રસીકરણ ઈતિહાસ અને રસીકરણ દરમ્યાન જરૂરી હોય તેવા કોઈ ટેકા વિશેના પ્રશ્નો અંગે જવાબ આપો.<br>**આ પત્રક માતા-પિતા તરીકેની જવાબદારી ધરાવતા કોઈ વ્યક્તિ દ્વારા જ ભરાવું જરૂરી છે.** પેરન્ટલ (માતા-પિતા તરીકેની) જવાબદારી વિશે માર્ગદર્શન અહીં મળી આવશે: www.gov.uk/parental-rights-responsibilities<br>**માધ્યમિક શાળામાંના પરિપક્વ યુવા વ્યક્તિઓ આ રસીકરણ કરાવવા માટે તમારી સંમતિ વિના પોતાની મેળે સંમતિ આપવા સક્ષમ હોઈ શકે અને સ્વાસ્થ્ય વ્યાવસાયિકો એક માહિતગાર નિર્ણય લેવાની તેમની ક્ષમતાને મૂલવશે.** |
| **માહિતી વહેંચવી:** શાળા ખાતે રસીકરણ પછી, સૂચિત કરવામાં આવશે અને તમારા બાળકના NHS સ્વાસ્થ્ય અહેવાલમાં માહિતી ઉમેરવામાં આવશે. |

NHS વેબસાઈટ પરની માહિતીને કોઈ અન્ય ભાષામાં ભાષાંતરિત કરવા માટે મુલાકાત લો: www.nhs.uk/accessibility/health-information-in-other-languages



2021-2-A-v1.0-Gujarati